# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/422 Dt. 29/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ અને કુંભટ ઇન્વેસ્ટમેન્ટ બેન્કિંગના સંયુક્ત ઉપક્રમે 'પ્રોફિટ ટુ વેલ્થ ક્રિએશન' કાર્યક્રમ યોજાયો

## દેવેન ચોક્સી, અશ્વિન દેસાઈ, કેતન જોટા, ગિરિશ લુથરા, ધ્રુવ લુથરા અને વિનિત રાય જેવા દિગ્ગજોએ શેર કર્યા આઈપીઓ અને પ્રાઈવેટ ફંડિગના ફાયદા

## માત્ર નફો જ નહીં, એન્ટરપ્રાઇઝ વેલ્યુ વધારવા પર નિષ્ણાતોએ આપ્યો ભાર

**સુરતઃ** દક્ષિણ ગુજરાતના સફળ ઉદ્યોગ સાહસિકો આઈપીઓ લાવી મૂડી બજારમાં પ્રવેશી શકે અને પ્રાઈવેટ ફંડિંગ ઊભું કરી વિસ્તરણ કરી શકે એ માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને કુંભટ ઇન્વેસ્ટમેન્ટ બેન્કિંગના સંયુક્ત ઉપક્રમે અવધ ઉટોપિયા ખાતે શનિવાર, તા. 25 એપ્રિલ 2026ના રોજ 'પ્રોફિટ ટુ વેલ્થ ક્રિએશન' વિષય પર રસપ્રદ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય બિઝનેસ પ્રમોટર્સને માત્ર પરંપરાગત નફા પૂરતું મર્યાદિત ન રહીને, પ્રાઇવેટ ઇક્વિટી અને આઈપીઓ (ઇનિશિયલ પબ્લિક ઓફરિંગ) જેવા માળખાગત ફંડિંગ દ્વારા એન્ટરપ્રાઇઝ વેલ્યુ વધારીને લાંબા ગાળાની સંપત્તિના સર્જન (Wealth Creation) તરફ પ્રેરિત કરવાનો હતો.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે સુરત હંમેશાથી વેપાર અને સાહસિકતા માટે જાણીતું રહ્યું છે, પરંતુ બદલાતા સમય સાથે હવે આપણે 'પ્રોફિટ' થી એક ડગલું આગળ વધીને 'વેલ્થ ક્રિએશન' તરફ જોવાની જરૂર છે. આજના આ મંચ પર આપણી સાથે નાણાકીય ક્ષેત્રના એવા નિષ્ણાતો અને સફળ બિઝનેસ લીડર્સ ઉપસ્થિત છે જેઓ આપણને પ્રાઇવેટ ઇક્વિટીથી લઈને IPO સુધીની સફર અને એન્ટરપ્રાઇઝ વેલ્યુ વધારવાના રહસ્યો સમજાવશે. મને વિશ્વાસ છે કે આજનું આ સત્ર આપણા સુરતના ઉદ્યોગ સાહસિકો માટે વિકાસના નવા દ્વાર ખોલશે.

કુંભટ એડવાઈઝર્સના ફાઉન્ડર અને સીએમડી શ્રી નીરજ કુંભટે સુરતની મજબૂત આંત્રપ્રિન્યોરિયલ ઇકોસિસ્ટમ અને હાઇ-ગ્રોથ બિઝનેસ હબ તરીકેની તેની ઉત્ક્રાંતિ વિશે વાત કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સુરતે તમામ ક્ષેત્રોમાં સતત નફાકારકતા દર્શાવી છે, પરંતુ હવે વૃદ્ધિનો આગામી તબક્કો વ્યવસાયોનું સંસ્થાકીયકરણ  કરવા અને કેપિટલ માર્કેટ સુધી પહોંચવામાં રહેલો છે. આ સાથે તેમણે ડેટ સિન્ડિકેશન, પ્રાઇવેટ ઇક્વિટી, પ્રિ-આઈપીઓ અને IPO એડવાઈઝરીમાં આ પેઢીની વ્યાપક ક્ષમતાઓ રજૂ કરી હતી.

કાર્યક્રમમાં રસપ્રદ પેનલ ડિસ્કશન પણ યોજાઈ હતી, જેમાં પ્રથમ સત્રમાં DRChoksey ફિનસર્વના મેનેજિંગ ડિરેક્ટર દેવેન ચોકસીએ રોકાણકારોના પરિપ્રેક્ષ્ય, કેપિટલ એલોકેશન સ્ટ્રેટેજી અને નાણાકીય બજારોના વ્યાપક દૃષ્ટિકોણ પર ઊંડાણપૂર્વક પ્રકાશ પાડ્યો હતો. તેમણે સમજાવ્યું કે રોકાણકારો વ્યવસાયનું મૂલ્યાંકન કેવી રીતે કરે છે અને લોન્ગ-ટર્મ વેલ્યુ ક્રિએશન માટે પોઝિશનિંગનું શું મહત્વ છે.

બીજા સત્રમાં ગિરીશ લુથરા, ધ્રુવ લુથરા અને વિનિત રાય સાથે પેનલ ચર્ચા યોજાઈ હતી. આ પેનલે પ્રાઇવેટ ઇક્વિટી ફંડિંગ 'શા માટે, ક્યારે અને કેવી રીતે' વિષય પર વિસ્તૃત ચર્ચા કરી હતી, જેમાં ફંડ એકત્ર કરવાનો યોગ્ય સમય, યોગ્ય ભાગીદારોની પસંદગી અને પ્રમોટર્સ તથા રોકાણકારો વચ્ચે વ્યૂહાત્મક ઉદ્દેશ્યોના સુમેળ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જે એમ ફાયનાન્સિયલ જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતું પ્રાઇવેટ ઈક્વિટી રોકાણ, બિઝનેસ અને મેનેજમેન્ટની ગુણવત્તાને બાહ્ય માન્યતા પૂરી પાડે છે. સાથે જ સંસ્થાકીય પ્રણાલીઓ અમલી બનતા, પ્રમોટરની ગેરહાજરીમાં પણ કંપની પોતાની ઓપરેટિંગ એફિશિયન્સી જાળવી રાખવા સક્ષમ બને છે.

કુંભટ ઇન્વેસ્ટમેન્ટ બેન્કીંગ દ્વારા ગ્રીન જેન એન્વાયરો પ્રોટેકશન એન્ડ ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડ (જે લુથરા ગૃપનો હિસ્સો છે) માટે એક્સક્લુસિવ ફાયનાન્સિયલ એડવાઇઝર તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવવામાં આવી હતી. કંપનીએ જે.એમ. ફાયનાન્સિયલ પ્રાઇવેટ ઇક્વિટી તરફથી રૂ. ૯૦૦ મિલિયનનું પ્રાઇવેટ ઇકિવટી રોકાણ સફળતાપૂર્વક મેળવ્યું છે. આ રોકાણ પ્રક્રિયામાં એસઆરએફ ફેમિલી ઓફિસે પણ ભાગીદારી નોંધાવી હતી.

અંતિમ સત્રમાં શ્રી અશ્વિન દેસાઈ અને કેતન જોટાએ પબ્લિક લિસ્ટેડ કંપની બનવા સુધીના તેમના અનુભવો શેર કર્યા હતા. તેમણે IPOની સફર, તેની તૈયારીની સમયરેખા, રેગ્યુલેટરી પ્રક્રિયાઓ, અને લિસ્ટિંગથી મળતા ફાયદાઓ જેવા કે વિશ્વસનીયતામાં વધારો અને મૂડીની સરળ પ્રાપ્તિ, ફેમિલી બિઝનેસથી પ્રોફેશનલી ચાલતા બિઝનેસીસ તરફની સંક્રાંતિ વિશે વિગતવાર ચર્ચા કરી હતી. સાથે જ, પારદર્શિતા અને ગવર્નન્સનાં ધોરણો જાળવવામાં આવતા પડકારો વિશે પણ વાત કરી હતી.

આ ઇવેન્ટમાં ઉદ્યોગપતિઓ, આંત્રપ્રિન્યોર્સ અને એચએનઆઈ રોકાણકારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રશ્નોત્તરીના માધ્યમથી ઉપસ્થિતોએ પ્રાઇવેટ અને પબ્લિક માર્કેટ ફંડરેઝિંગ વિશે સીધું અને વ્યવહારુ જ્ઞાન મેળવ્યું હતું.

એકંદરે 'પ્રોફિટ ટુ વેલ્થ ક્રિએશન' કાર્યક્રમે નફાકારક વેપાર-ધંધા અને વેલ્યુ-ડ્રિવન એન્ટરપ્રાઇઝ વચ્ચેના અંતરને પૂરવા માટે એક મજબૂત પ્લેટફોર્મ પૂરૂં પાડ્યું હતું અને મૂડી બજારમાં પ્રવેશવા માગતા ઉદ્યોગ સાહસિકોને ઉપયોગી માહિતી અને માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.